EDII

**Gujarat Samachar (Gandhinagar ed.)**

**July 03, 2019**
**Page No. 01**

### ગાંધીનગર પાસે ભાટમાં આવેલી ઈડીઆઈમાં

# આઠ કરોડના ખર્ચે દિવ્યાંગો માટે તાલીમ કેન્દ્ર ઉભું કરાશે

ગાંધીનગર,મંગળવાર

રાજ્ય સરકારના સમાજ સુરક્ષા વિભાગ અંતર્ગત વિવિધ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેમાં ખાસ કરીને ગાંધીનગર પાસે આવેલાં ભાટ ગામની ઈડીઆઈ ઈન્સ્ટીટ્યુટમાં દિવ્યાંગો માટે અલાયદુ તાલીમ કેન્દ્ર ઉભું કરવા માટે બજેટમાં રૂપિયા આઠ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ટ્રેનીંગ સેન્ટરમાં ત્રણ વર્ષમાં ૨૪ હજાર દિવ્યાંગોને તાલીમ અપાશે. નાયબ મુખ્યમંત્રી નીતિ પટેલ દ્વારા આજે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ નું ફેરફાર કરેલું અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કર્યું હતું. જેમાં સરકારના સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત ગાંધીનગરમાં અનુ.જાતિના કુમાર છાત્રાલયો બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગાંધીનગર બારોડોલી અને મોડાસામાં રૂપિયા નવ કરોડના ખર્ચે સમરસ કુમાર-કન્યા છાત્રાલય બાંધવામાં આવશે. આ ઉપરાંત બજેટમાં શહેરી વિકાસ અંતર્ગત અમદાવાદ- ગાંધીનગર મેટ્રો ફેઝ - ૨ તેમજ સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત રૂપિયા ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તો રૂપિયા ૮૬૭ કરોડના ખર્ચે ગાંધીનગર - સરખેજ માર્ગને સંપુર્ણ છ માર્ગીય કરવામાં આવનાર છે તેનો પણ ઉલ્લેખ બજેટમાં કરવામાં આવ્યો છે. આ કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વાહનવ્યવહાર નિગમને સરકાર દ્વારા એક હજાર નવી બસ આપવામાં આવનાર છે. જેમાં વિદ્યુત અને સીએનજી સંચાલિત બસો પણ નિગમ વસાવશે. આ બસો ગાંધીનગર - અમદાવાદ વચ્ચે દોડાવવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા કૃષિ અને ખેડૂત કલ્યાણ નીતિ અંતર્ગત ખેતઓજારો અને સાધનો માટે પશુપાલન વિભાગમાં પશુસારવાર માટે વિવિધ જોગવાઈ કરવામાં આવી છે.

## ગાંધીનગરમાં નવા સરકારી છાત્રાલયો બનશે

## મેટ્રો પાછળ પણ વધુ ૫૦ કરોડની જોગવાઈ